(P-74)

મોટી અને મધ્યમ સિંચાઈ યોજનાઓ પર સિંચાઈ સલાહકાર સમિતિઓની રચના તથા પુન: રચના કરવા બાબત...

ગુજરાત સરકાર
નર્મદા,જળસંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
ઠરાવ ક્રમાંક-સલહ/૨૦૦૪/૨/પી
સચિવાલય, ગાંધીનગર
તારીખ: 17 JUN 2004

વંચાણેલીધેઃ અગાઉના જાહેર બાંધકામ વિભાગનો ઠરાવ ક્રમાંક:-સીએમઈ/૯૦૬૪/પી. તા.૧/૧૨/૧૯૬૪

**આમુખ:**

રાજ્યમાં મોટી અને મધ્યમ સિંચાઈ યોજનાઓ પર સિંચાઈ સલાહકાર સમિતિની રચના કરવામાં આવતી હોય છે, આ સિંચાઈ સલાહકાર સમિતિની સ્થાપના, રચના, પુન: રચના, બંધારણ અને કાર્યવાહીના નિયમો સંદર્ભ હેઠળના તા.૧/૧૨/૬૪ના ઠરાવથી નક્કી કરવામાં આવ્યા છે. સિંચાઈ સલાહકાર સમિતિમાં નીચે જણાવ્યા મુજબ બે પ્રકારના સભ્યશ્રીઓને નીમવામાં આવે છે.

(અ) <u>સરકારી સભ્યો:</u>

(૧) જે તે યોજનાના અધિક્ષક ઈજનેરશ્રી અથવા કાર્યપાલક ઈજનેરશ્રી... અધ્યક્ષશ્રી.

(૨) જે તે યોજનાના કાર્યપાલક ઈજનેરશ્રી અથવા નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી... સભ્ય સચિવશ્રી.

(૩) જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી કે તેમના પ્રતિનિધિ... સભ્યશ્રી.

(૪) જિલ્લા રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ... સભ્યશ્રી.

(બ) <u>બિન સરકારી સભ્યો:</u>

(૧) યોજનાના કમાન્ડ વિસ્તારમાં સંસદિય વિસ્તારનું પ્રતિનિધિત્વ ધરાવતા માન. સંસદસભ્યશ્રી ( એક કે વધુ )... હોદ્દાની રુએ સભ્યશ્રી.

(૨) યોજનાના કમાન્ડ વિસ્તારમાં વિધાનસભા વિસ્તારનું પ્રતિનિધિત્વ ધરાવતા માન. ધારાસભ્યશ્રી ( એક કે વધુ )... હોદ્દાની રુએ સભ્યશ્રી.

(૩) યોજનાના કમાન્ડ વિસ્તારમાં જે તે તાલુકા / જિલ્લા સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષશ્રી... હોદ્દાની રુએ સભ્યશ્રી.

(૪) યોજનાના કમાન્ડ વિસ્તારની જે તે તાલુકા ઉત્પાદન સમિતિના અધ્યક્ષશ્રી... હોદ્દાની રુએ સભ્યશ્રી.

Invord No.
Date
S. E
P. S
O. S.
Compilation :

ઉપર (અ) અને (બ) માં જણાવ્યા મુજબના અધિકારીશ્રીઓ / પદાધિકારીશ્રીઓ જેતે સિંચાઈ સલાહકાર સમિતિમાં હોદ્દાની રુએ સભ્યશ્રી તરીકે નીમાતા હોય છે. આ સભ્યો સિવાય જેતે સિંચાઈ યોજનાના કમાન્ડ વિસ્તારના ઉત્સાહી બાગાયતદારો ને બિન સરકારી સભ્યશ્રીઓ તરીકે નીમવામાં આવે છે.

સરકારી-બિન સરકારી સભ્યોનો સમાવેશ હોદ્દાની રુએ થતો હોવાથી તેમની નામજોગ નિમણૂંકનો પ્રશ્ન રહેતો નથી પરંતુ બાગાયતદારોની નિમણૂંક નામજોગ કરવાની થતી હોવાથી જેતે અધિક્ષક ઈજનેરશ્રી તરફથી આવી

દરખાસ્તો મળ્યા બાદ બાગાયતદારોની નામજોગ પસંદગીમાં વિશેષ સમય પસાર થતો હોવાથી સિંચાઈ સલાહકાર સમિતિની રચના સમયસર થઈ શકતી નથી, જેના લીધે આવી સમિતિનો લાભ જેતે યોજનાને વિલંબથી ઉપલબ્ધ થાય છે.

ઉક્ત પૂર્વભૂમિકાના અનુસંધાને સિંચાઈ સલાહકાર સમિતિઓની રચના, પુનઃ રચના માટે સરકારી-બિન સરકારી સભ્યોની નિમણૂંકની હયાત પધ્ધતિમાં ફેરફાર/સુધારા કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

ઉપરોક્ત બાબતે તમામ પાસાંઓની કાળજીભરી વિચારણાને અંતે સિંચાઈ સલાહકાર સમિતિઓની રચના અને પુનઃ રચના માટે નીચે મુજબની કાર્યપધ્ધતિ અપનાવવાનું ઠરાવવામા આવેછે.

(૧)હવેથી ઉપર (અ) અને (બ) માં જણાવેલ સરકારી / બિન સરકારી સભ્યોની હોદ્દાની રુએ નિમણૂંક કરી સંબંધિત અધિક્ષક ઈજનેરશ્રીના સ્તરેથી આવી સિંચાઈ સલાહકાર સમિતિની રચના/પુનઃ રચના કરવાની રહેશે. તે અંગેના હુકમો તેમણે સરકારશ્રીની જાણ હેઠળ કરવાના રહેશે આ માટે સરકારશ્રીની મંજુરીની આવશ્યકતા રહેશે નહીં.

(૨)ઉક્ત સમિતિમાં હોદ્દા સિવાયના જે બિન સરકારી સભ્યો ( કમાન્ડ વિસ્તારના ઉત્સાહી બાગાયતદારો ) નીમવાના થાયછે, તેની દરખાસ્ત સંપુર્ણ વિગતો સાથે જેતે અધિક્ષક ઈજનેરશ્રીએ સરકારશ્રીની મંજુરી માટે ઉક્ત (૧) માં જણાવ્યા મુજબની સમિતિની રચના કર્યા બાદ તુરતજ મોકલવાની રહેશે. આ દરખાસ્ત મળતાં સરકારશ્રી તરફથી જે બાગાયતદારોના નામો મંજુર થાય તેઓનો સમાવેશ ઉપર જણાવેલ સમિતિમાં સભ્યશ્રી તરીકે કરવાનો રહેશે, આ સભ્યો સરકારમાં પરિવર્તન ના થાય અથવા સરકાર આ અંગે કોઈ સ્પષ્ટ સુચના ના આપે ત્યાં સુધી સભ્યશ્રી તરીકે ચાલુ રહેશે. જો કોઈ કારણસર સરકારમાં પરિવર્તન થાય કે સુચનાઓ મળે તો ત્યારબાદ આ સભ્યો સમિતિમાં રહેશે નહીં અને નવા સભ્યો નીમવાની દરખાસ્ત અધિક્ષક ઈજનેરશ્રીએ શક્ય તેટલી ઝડપે સરકારશ્રીમાં ફરી કરવાની રહેશે.

(૩)સિંચાઈ સલાહકાર સમિતિમાં ઉપર (૨)માં જણાવ્યા મુજબ જે હોદ્દા સિવાયના બિનસરકારી સભ્યોની સરકારશ્રીની મંજુરીથી નિયુક્તિ ન થાય ત્યાં સુધી અધિક્ષક ઈજનેરશ્રી દ્વારા નિયુક્ત થયેલ (અ) અને (બ) માં જણાવેલ સરકારી / બિનસરકારી સભ્યોની સિંચાઈ સલાહકાર સમિતિ તેનું કાર્ય ચાલુ રાખી શકશે.

(૪)સંદર્ભ (૧) હેઠળના ઠરાવથી નક્કી કરાયેલ અન્ય નિયમો / બંધારણ ઉપરોક્ત સુધારા સિવાય અમલમાં રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(કે.બી. વણકર)
સેકશન અધિકારી
ન.જ.સં.પા.પુ. અને કલ્પસર વિભાગ

પ્રતિ
ન.જ.સં.પા.પુ. અને કલ્પસર વિભાગ હેઠળના તમામ અધિક્ષક ઈજનેરશ્રીઓ ( નર્મદા-પાણી પુરવઠા સિવાય)
ન.જ.સં.પા.પુ. અને કલ્પસર વિભાગ હેઠળના તમામ કાર્યપાલક ઈજનેરશ્રીઓ (નર્મદા પા.પુ. સિવાય)
રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ, ગુજરાત સરકાર, ગાંધીનગર
ખેતી નિયામકશ્રી, કૃષિભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર
તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
સિલેક્ટ ફાઈલ